# ગાંધી હજી જીવે છે.



મહાત્મા ગાંધીજીનું નામ ન સાંભળ્યું હોય એવું આપણા દેશમાં ભાગ્યે જ કોઈ હશે. દુનિયાના મહાન પુરુષોમાં એમની ગણના થાય છે; અને જગતના મહાન સંતો તથા પયગંબરો સાથે એમને સરખાવવામાં આવે છે. ગાંધીજી આપણા દેશના પિતા ગણાય છે, અને આપણો દેશ સ્વતંત્ર થયો તેમાં એમની દોરવણીએ મુખ્ય ભાગ ભજવ્યો હતો.

ગાંધીજીએ દેશને સ્વરાજ તો અપાવ્યું પણ એટલાથી એમને સંતોષ થયો નહીં. ભારતના લોકો મનથી, વાણીથી ને કર્મથી એક પ્રજા તરીકે સ્વચ્છ રીતે રહેતાં શીખે તથા સત્ય અને અહિંસાને આચારમાં ઊતારે એવો એમનો આગ્રહ હતો. આપણે કરવા સરખી ઘણી બાબતો ગાંધીજીએ કહી છે, પણ એ તમામને 'સત્ય અને 'અહિંસા' એ બે શબ્દોમાં સમાવી દઈ શકાય છે એમ ગાંધીજી કહેતા. ટૂંકમાં બધી બાબતોને એ 'સત્ય'માં સમાવી દેતા.

પણ ગાંધીજીનો સંદેશ એકલા ભારત માટે જ હતો એમ રખે કોઈ માની લે. એ સંદેશ તો આખી માણસજાત માટે હતો, દુનિયાના તમામ લોકો માટે હતો. એટલે દેશદેશાવરના લોકો ગાંધીજી શું કરે છે અને શું કહે છે તે જાણવામાં રસ ધરાવતાં અને ગાંધીજીનો દેશ જોવાની તેઓ ઈચ્છા કરતા અને ભારતમાં આવતા. આજે પણ આવે છે તેમ.

દેશના ભાગલા પડાવીને અંગ્રેજો ભારતમાંથી ચાલ્યા ગયા. સ્વરાજ તો આવ્યું પણ ભારત અને પાકિસ્તાનમાં મોટા પાયા પર કોમી તોફાન થયાં. એવામાં ગાંધીજી પણ એક ઝનૂનીની ગોળીથી ઠાર થયા. પાકિસ્તાનમાંથી અનેક નિરાધાર થયેલા લોકો ભારતમાં આવી રહ્યા હતા. એમણે ઘરબાર, માલ-મિલકત, ધંધોરોજગાર તમામ ગુમાવ્યું હતું. દેશ પર મહાન આફત ઊતરી હતી, પણ ગાંધીજી ન હતા, છતાં આવી કસોટીમાં પણ દેશના નેતાઓએ હિંમત ટકાવી રાખી પ્રજાને કહ્યું : "ગાંધીજી આપણને છોડીને ગયા તે આપણું

કમનસીબ છે. ગાંધીજી ગયા છે, પણ ગાંધીજી મરી શકશે નહીં. ગાંધીજી હજી જીવે છે. એમના મહાન ઉપદેશોને આપણે જીવનમાં ઉતારીશું ત્યાં સુધી ગાંધીજી જીવતા રહેશે, અને સૌને જીવાડશે."

ગાંધીજીના ઉપદેશને પાકિસ્તાનથી આવેલા એક નિરાશ્રિત ભાઈએ કેવી રીતે પોતાના જીવનમાં ઊતારી બતાવ્યો તેની વાત જાણવા જેવી છે. ભાગલા પડતાં પોતાનું સર્વ કાંઈ ગુમાવી એ ભારત આવ્યો હતો. એને ઉપર આભ ને નીચે ધરતી હતી. દિલ્હીમાં કંઈક રોજી મળી જાય એ માટે એ ફાંફા મારી રહ્યો હતો. ત્યાં એક પ્રદર્શન ભરાવાનું હતું તેના પહેરેગીર તરીકે નોકરી મળી ગઈ. એને બીજાની દયા પર નભવું ન હતું અને જે કંઈ રોજી મળે તે મેળવી પોતાનું ગુજરાન ચલાવવું હતું, એટલે એણે એ નોકરી તરત સ્વીકારી લીધી. પ્રદર્શન મોટું હતું, અને કેટલાક દિવસ સુધી ખુલ્લું રહેવાનું હતું. અંદર જોવા જવા માટે ફકત પચીસ પૈસાની ટિકિટ હતી. રોજ ઘણા માણસો એ જોવા જતા. પહેરેગીરીનું કામ અંદર પ્રવેશ કરનાર પાસે ટિકિટ માગવાનું હતું.

પ્રદર્શનના ચાલુ દિવસે એક વેળા ચાર અમેરિકન સૈનિકો ત્યાં આવી ચડયા. એ તો સીધા ટિકિટ લીધા વગર જવા લાગ્યા. એટલે પહેરેગીરે એમને રોકી સભ્યતાપૂર્વક ટિકિટબારી બતાવીને કહ્યું : "અંદર પેસવા ટિકિટ લેવી પડે છે, ત્યાંથી ટિકિટ લઈ આવો, સાહેબ."

પેલા તો પરદેશી હતા. એમનામાંના એકે ખિસ્સામાંથી દશ રૂપિયાની નોટ કાઢીને પહેરેગીરના હાથમાં મૂકી. અમેરિકાના લોકો પાસે પૈસાનો તોટો નથી હોતો, એટલે એ લોકો છૂટથી નાણાં વાપરતા હોય છે.

નોટ જોઈ પહેરેગીરે ફરીથી કહ્યું : "પેલી ટિકિટબારી છે, સાહેબ ! આપ ત્યાં જઈને ટિકિટ લઈ આવો. એક ટિકિટના પચીસ જ પૈસા છે."

પણ પેલા પરદેશીઓ તો નોટ એના હાથમાં રાખીને જ અંદર પેઠા. એ લોકો અજાણ્યા અને પરદેશી હતા, એટલે એમને રોકવાનું પહેરેગીરને ઠીક પણ ન લાગ્યું.

પણ પેલી દશ રૂપિયાની નોટનું હવે શું કરવું ? પહેરેગીરને પૈસાની જરૂર તો હતી જ. પ્રદર્શનનું કામ પૂરું થતાં જ પાછો એ બેકાર થવાનો હતો. એ નોટ પોતે ખિસ્સામાં મૂકી દે તો એ વાત કોઈના જાણવામાં આવે એમ ન હતી. પહેરેગીર પોતે એક ગરીબ માણસ હતો. છતાં તે જરા પણ લલચાયો નહીં ને અપ્રામાણિક બનવાનો એને વિચાર સરખો આવ્યો નહીં. પેલા અંદર ગયા એટલે પોતાની જગાએ કામગીરી પર થોડીવાર બીજા માણસને ઊભો રાખી એ સીધો ટિકિટબારી તરફ ગયો, ને ચાર ટિકિટ તથા વધેલા પૈસા સાથે એ તરત પાછો ફર્યો; અને પેલા પરદેશીઓ પ્રદર્શન જોઈને બહાર નીકળે તેની રાહ જોતો ફરજ પર ઊભો રહ્યો.

પ્રદર્શન જોઈ થોડી વારે પેલા પરદેશી બહાર નીકળ્યા. તરત જ પહેરેગીરે એમને સલામ કરીને રોક્યા, અને એમનામાંના એકના હાથમાં ચાર ટિકિટો અને નવ રૂપિયા મૂકી દીધાં.

આ જોઈ પેલા ચારે જણ એકબીજા સામે આનંદથી જોઈ રહ્યા. પરદેશીઓ માટે આ બનાવ અણધાર્યો અને આશ્ચર્યમાં નાખી દે તેવો હતો. ભારતનો એક સામાન્ય પહેરેગીર પણ આવો સાચો ને પ્રામાણિક હોય છે એ જોઈ એમને આનંદ થયો. ચાર ટિકિટો તથા વધેલા પૈસા પાછા લેતાં એમનામાંના એકે પહીગીરની પીઠ વહાલથી થાબડી કહ્યું : “ગાંધી હજી જીવે છે. તને ધન્ય છે, ભાઈ.”

એ ચાર પરદેશી સૈનિકોએ ભારત વિષે પ્રદર્શનમાંથી જે કાંઈ જાણ્યું હતું તેના કરતાં આ નમ્ર પહેરેગીરના વર્તનમાંથી તેઓ ભારત વિષે વધારે જાણવા પામ્યા હતા તેની કોણ ના કહી શકશે ?

લેખક: સ્વ શંભુપ્રસાદ કૃપાશંકર ભટ્ટ